- સંસ્કાર સીચન અને અધ્યાત્મ સાથે જોડાણ વધારવાના હેતુથી શાળામાં શ્રીકૃષ્ણ જીવનદર્શન ભાગ–૧ અને ભાગ–૨ એમ બે સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજિત કરી શાળાના ૧૦૦% વિદ્યાર્થીઓને ભાગ લેવાના પ્રેરણા અને પ્રોત્સાહન પુરા પાડવામાં આવ્યા.
- રજૂઆતનું કૌશલ્ય વધુને વધુ સુદ્રઢ બને તે માટે પ્રાથમિકથી ઉચ્ચ. માધ્ય. વિભાગ સુધીના વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ પ્રદર્શન ભાગ–૧ અને ૨ આયોજિત કરવામાં આવ્યા.
- વિદ્યાર્થીઓ બહારના વિશ્વને જુએ અને નવું શીખે તેવા ઉદ્દેશ્યથી શાળાના વિદ્યાર્થીઓનો સંસદ સભા, રાષ્ટ્રપતિ ભવન, લોકસભા ગૃહ વગેરેનો દિલ્લી પ્રવાસ આયોજિત કરાયો. ધો. ૧૧, ૧૨ વિ.પ્ર.ના વિદ્યાર્થીઓને દહેજના અદાણી પોર્ટની મુલાકાત પણ ગોઠવવામાં આવી.
- વિવિધ પ્રેરણાત્મક વકતવ્યોની ગોઠવણી કરીને વિદ્યાર્થીઓને પુસ્તકીયા જ્ઞાનની સાથે બહારના વ્યવહારૂ જ્ઞાનની, વિવિધ ક્ષેત્રો અને કાર્યની સમજ પૂરી પાડવામાં આવે છે.
- સપના કરો સાકાર થકી વિદ્યાર્થી માનસને ઝંકૃત કરી કૌશલ્યવાન યુવાનના નિર્માણની નાનકડી પ્રક્રિયા પ્રતિવર્ષ શાળા દ્વારા કરવામાં આવે છે.
- SPC, સમર કેમ્પ, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, વિવિધ દિવસોની ઉજવણી, નવીન ઘટનાઓનો તાજેતરનો પ્રવાહ, વૈશ્વિક પરિસ્થિતિ ઓના કારણો અને તારણો, ક્રિયાત્મક પ્રાર્થના સંમેલન, મુશ્કેલ સ્થિતિઓમાં પહોંચી વળવાના તાલીમ કાર્યક્રમોં વગેરેના આયોજન થકી શાળા સતત જીવંત રહેતી હોય છે. તજજ્ઞો અને શિક્ષકોના પ્રેરણાત્મક વકતવ્ય થકી વિદ્યાર્થીઓમાં સતત ઉર્જાનો સંચાર થતો રહે તેવા પ્રયત્નો સાતત્યપૂર્ણ રીતે શાળાને ધબકતી રાખતા હોય છે.
- વિદ્યાર્થીઓ વધુ ને વધુ કૌશલ્યવાન, વધુને વધુ સર્જનશીલ, વધુને વધુ પ્રગતિશીલ અને આદર્શવાદી નાગરિક બની રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન પ્રદાન કરી શકે તેવી અનેકવિધ પ્રવૃત્તિઓનો ધમધમાટ અને તેને અનુરૂપ કાર્ય યોજનાઓનું વ્યવસ્થિત આયોજન શાળા પરિવારની ગરિમા વધારવારુંબની રહ્યું છે.
- ઉત્તરોત્તર બોર્ડની પરીક્ષાના શ્રેષ્ઠ પરિણામોથી શાળાના વિદ્યાર્થીઓ વધુ શોભાયમાન બન્યા છે.
- સારું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ધરાવનારા બાળકો અને શિક્ષકો વધુ સારા સ્વપ્નદૃષ્ટાઓ બને તેવી અપેક્ષાઓ સહ વિવિધ કાર્યક્રમોની શ્રેણી ગોઠવાઇ રહી છે.
- વાલીઓ સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો વિદ્યાર્થીઓને અનેરી ઊંચાઇ પ્રદાન કરશે, વાલીઓનું યોગદાન વિદ્યાર્થીઓને અભ્યાસમય બનાવશે, પ્રવૃત્તિમય બનાવશે તેવા આશયથી વાલીમિટિંગો, વાલીઓના Counselling વાલીઓની વ્યકિતગત મુલાકાત માટે શાળાના શિક્ષકો અને બિન શૈક્ષણિક કર્મચારીગણ સતત જોડાતા રહે છે.
- “વિદ્યાર્થી હિત” ને સતત કેન્દ્રમાં રાખી, ત્રિજયાને સતત વધારતા રહેવાના પ્રયત્નોથી વિદ્યાર્થીઓ સતત નવી ઊંચાઇના સોપાનો સર કરી રહ્યા છે. આ પ્રયત્નોની શૃંખલામાં કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રત્યેક કાર્યક્રમો માટે શાળાના પ્રમુખશ્રી મા.શ્રી જયંતિભાઇ ડી.પંચાલ સાહેબ તથા ચેરમેનશ્રી હેમંતભાઇ આર. પ્રજાપતિ તરફથી સમગ્ર શાળાની ટીમને અનેરૂં પ્રોત્સાહન અને પ્રેરણા પ્રાપ્ત થઇ રહ્યા છે.
- બે બિલ્ડીગ ધરાવનારી નારાયણ વિદ્યાલય તમામ સુવિધાયુકત છે સાથે તમામ ટેકનોલોજીથી સજજ છે. અદ્યતન કમ્પ્યૂટર લેબ, ઓડિયો-વિડિયો લેબ, કેમેસ્ટ્રી લેબ, બાયોલોજી લેબ ધરાવનારી નારાયણ વિદ્યાલયમાં ઇન્ટરનેટ કનેકશન, ઇન્ટરકોમ કનેકશન, CCTV કેમેરા, જનરેટર વગેરેની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.
- વાલીઓનો સકારાત્મક સંવાદ, વિદ્યાર્થી પરીણામની વાલીઓની ચિંતા સામે શાળાનું ચિંતન અને તે અનુરૂપ કાર્યશીલતા વિદ્યાર્થીઓને વધુ સારા પરીણામ તરફ પ્રયાણ કરાવી રહ્યા છે.